રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ
ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : બજટ/૨૦૧૪/૧૪૪૭/બ
સચિવાલય,ગાંધીનગર
તારીખ : ૧૦/૨/૨૦૧૭.

વંચાણે લીધો:

(૧) ઉ.અને પે.વિભાગનો ઠરાવ ક્રમાંક-બજટ-૨૦૧૪-૧૪૪૭-ક-૧ તા.૨૫/૦૯/૨૦૧૪

(૨) ઉ.અને પે.વિભાગની ઠરાવ ક્રમાંક:બજટ-૨૦૧૪-૧૪૪૭-બ,તા.૨/૨/૨૦૧૫

(૩) ઉ.અને પે.વિભાગની ઠરાવ ક્રમાંક:બજટ-૨૦૧૪-૧૪૪૭-બ,તા.૨૭/૫/૨૦૧૬

પ્રસ્તાવના:

રાજય સરકારના વંચાણે લીધેલ ઠરાવોથી રાજ્યના કૃષિ વીજ ગ્રાહક માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી "સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના" અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજનામાં કેન્દ્ર સરકારની સબસીડી, રાજય સરકારની સબસીડી અને લાભાર્થીના ફાળા દ્વારા સોલાર પંપ માટેનો ખર્ચ પૂરો પાડવામાં આવે છે. આ બાબતે GUVNL દ્વારા ટેન્ડર મંગાવી પારદર્શક પધ્ધતિથી સોલાર પંપ સ્થાપિત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ અંગે બીડમાં વધુ કંપનીઓ ભાગ લઇ શકે અને સ્પર્ધાત્મક ભાવો મળી શકે તેમજ કેન્દ્ર સરકારની યોજના મુજબની ટેકનીકલ જરૂરિયાતો પણ સંતોષાય તે માટે સુધારો કરવાની બાબત છેલ્લાં કેટલાક સમયથી વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

આથી રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ ઠરાવવામાં આવે છે કે તા.૨૫/૯/૨૦૧૪ ના ઠરાવથી નિર્દિષ્ટ કરવામાં આવેલ કાર્યપધ્ધતિ જે તા.૨/૨/૨૦૧૫ ના ઠરાવથી સુધારેલ છે, તેમાં કાર્યપધ્ધતિના મુદ્દા 'ગ'માં હાલની જોગવાઇના સ્થાને નીચે મુજબ વાંચવાનું રહેશે:-

" ટેંન્ડરમાં ભાગ લેનાર બીડર્સે કેન્દ્ર સરકારના બીનપરંપરાગત ઉર્જા મંત્રાલયના (MNRE) ની સોલાર પંપની યોજનામાં વખતોવખત ઠરાવવામાં આવેલ ટેકનીકલ ધારાધોરણો (Specifications) પ્રમાણેના ટેસ્ટ સર્ટિફીકેટ ટેન્ડરબીડ સાથે રજૂ કરવાના રહેશે.કેંન્દ્ર સરકારે વખતોવખત ઠરાવ્યા મુજબના ટેકનીકલ Specifications મુજબની કે તેથી ઉચ્ચતર Specifications ની મશીનરી જ સ્થાપિત કરવાની રહેશે"

વંચાણે લીધેલ ઠરાવોની અન્ય શરતો તથા બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનિતા ઝુલા )
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગપત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.ઉર્જામંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) ના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી(નાણાં) ના અંગતસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા.
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સ, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, (ટેકનિકલ)ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ.
- OSD/સેલ/ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઇલ/ના.સે..અધિ.અંગત ફાઇલ.